# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### બાળ - ૧ : પ્રેક્ટિસ પેપર -3

### જવાબપત્ર - 3

**સમય : ૨ કલાક**
**કુલ ગુણ : ૧૦૦**

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૧૦]**

**વિભાગ-અ**

**(ભક્તિમાર્ગ, ઈંટ, સરયુદાસ, મહારાજ, વડતાલ)**

**૧.** મહારાજ જમ્યા વગર આણંદથી **વડતાલ** પાછા આવ્યા.

**૨.** કાશીની સભામાં ઘનશ્યામે **ભક્તિમાર્ગ** શ્રેષ્ઠ છે એમ સાબિત કરી બતાવ્યું.

**૩.** મુક્તાનંદ સ્વામીએ નીલકંઠનું નામ **સરયુદાસ** પાડ્યું.

**૪.** તેજાભાઈએ મહારાજ પાસે **ઈંટ** ની માંગણી કરી.

**૫.** બધા દેવો પોતાના ભક્તોને **મહારાજ** ની ભક્તિ કરવાનું કહેતા.

**વિભાગ-બ**

**(ભણે, અભ્યાસ, ગુણાતીતાનંદ સ્વામી, સંત, નિજમંદિર, શાસ્ત્રીજી મહારાજ)**

**૬.** ભગતજી મહારાજના ગુરુ **ગુણાતીતાનંદ સ્વામી** હતાં.

**૭.** જ્યાં મૂર્તિઓ પધરાવાય તેને **નિજમંદિર** કહે છે.

**૮.** ભગવાન **સંત** દ્વારા હંમેશા પ્રગટ રહે છે.

**૯.** સ્વાધ્યાયાન્ મા પ્રમદઃ એટલે **અભ્યાસમાં** આળસ ન કર.

**૧૦.** જે સારી રીતે **ભણે** તે શ્રીજી અને સ્વામીને ગમે.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| ૧. | સરયુદાસે મુક્તાનંદ સ્વામીના મનમાં પ્રવેશ કરી રામાનંદ સ્વામીના દર્શન કર્યાં. | ૧. | ✓ |
| ૨. | જ્ઞાન આપનાર સાચા ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે. | ૨. | ✓ |
| ૩. | આણંદની સવારીમાં મહારાજે હાથી પર બેઠા બેઠા કાકડી ખાધી. | ૩. | X |
| ૪. | શ્રીજી મહારાજે આસુરી વૃત્તિવાળા માણસોને જ સંત મહાત્મા બનાવ્યા. | ૪. | ✓ |
| ૫. | સંવત ૧૮૪૮ના અષાઠ સુદ પૂનમની રાત્રે ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો. | ૫. | X |
| ૬. | શિક્ષાપત્રીમાં કહ્યું છે કે કોઈ જીવની હિંસા કરવી. | ૬. | X |
| ૭. | સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામી પાસે બે વરદાન માગ્યા. | ૭. | ✓ |
| ૮. | ગુણાતીતાનંદ સ્વામીએ આરતીમાં શ્રીજી મહારાજનો ઘણો મહિમા ગાયો છે. | ૮. | X |
| ૯. | ધર્મદેવે પુત્રની પરીક્ષા કરવા ચાર વસ્તુ પાટલા પર મૂકી. | ૯. | X |
| ૧૦. | મહારાજે જેતલપુરમાં અહિંસક યજ્ઞ કર્યો. | ૧૦. | ✓ |

**પ્ર.3 નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

૧. રામાનંદ સ્વામીએ મહારાજને પોતાની ગાદી ક્યારે આપી ?

(૧) કારતક વદ ૧૧ **(૨) કારતક સુદ ૧૧** (3) ચૈત્ર સુદ ૧૧ — ૧. [ ૨ ]

૨. જયરામદાસને નીલકંઠનો પત્તો કેટલા દિવસે લાગ્યો ?

**(૧) ૨૦** (૨) ૧૩ (3) ૧૫ — ૨. [ ૧ ]

૩. રામાનંદસ્વામીએ નીલકંઠને કયા ગામમાં દિક્ષા આપી ?

(૧) જેતલપુર (૨) લોજ **(3) પીપલાણા** — ૩. [ 3 ]

૪. ઘનશ્યામનો જન્મ ક્યારે થયો હતો ?

(૧) સંવત ૧૮૪૮માં **(૨) સંવ ૧૮૩૭માં** (3) સંવત ૧૮૩૮માં — ૪. [ ૨ ]

૫. સ્વામીની વાતો એટલે કોના મહિમાની વાતો ?

(૧) રાધાકૃષ્ણના (૨) ભગતજી મહારાજના **(3) શ્રીજીમહારાજના** — ૫. [ 3 ]

૬. નીલકંઠને મળેલ રીંછનું નામ શું હતું ?

(૧) જાંબુરાજ **(૨) જાંબુવાન** (3) જાંબુદેવ — ૬. [ ૨ ]

૭. મુક્તાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીનું નામ શું પાડ્યું ?

(૧) શીતળદાસ **(૨) સરયુદાસ** (3) ગોવિંદદાસ — ૭. [ ૨ ]

૮. હરિભક્તોના શરીરે લાગેલ ગારાને મહારાજે શેનો લેપ કહ્યો છે ?

**(૧) ચંદનનો** (૨) મલમનો (3) કેસરનો — ૮. [ ૧ ]

૯. મહારાજે વડતાલમાં કયો ગ્રંથ લખ્યો ?

(૧) વચનામૃત **(૨) શિક્ષાપત્રી** (3) સ્વામીની વાતો — ૯. [ ૨ ]

**૧૦.** રામાનંદ સ્વામીના જુનામાં જુના શિષ્ય કોણ હતાં ?

(૧) ગુણાતીતાનંદ સ્વામી (૨) સહજાનંદ સ્વામી **(૩) મુક્તાનંદ સ્વામી** **૧૦.** 3

**૧૧.** અંત સમયે મહારાજે કયા સ્વામીને જુનાગઢથી બોલાવ્યાં ?

**(૧) ગુણાતીતાનંદ સ્વામીને** (૨) મુક્તાનંદ સ્વામીને (૩) બ્રહ્માનંદ સ્વામીને **૧૧.** ૧

**૧૨.** રામપ્રતાપભાઈએ એકી સાથે ઘનશ્યામને કેટલી જગ્યાએ જોયાં ?

(૧) ચાર (૨) પાંચ **(૩) ત્રણ** **૧૨.** 3

**૧૩.** રામાનંદસ્વામી અને નીલકંઠનો પ્રથમ મેળાપ કયા ગામમાં થયો ?

**(૧) પીપલાણા** (૨) લોજ (૩) ગઢડા **૧૩.** ૧

**૧૪.** મહારાજનો અગ્નિસંસ્કાર ક્યાં કરવામાં આવ્યો ?

(૧) જ્ઞાનબાગમાં (૨) અક્ષરવાડીમાં **(૩) લક્ષ્મીવાડીમાં** **૧૪.** 3

**૧૫.** મગનીરામને દીક્ષાનું નામ શું મળ્યું ?

(૧) બ્રહ્માનંદ સ્વામી **(૨) અદ્વૈતાનંદ સ્વામી** (૩) પ્રેમાનંદ સ્વામી **૧૫** ૨

**૧૬.** ઘનશ્યામ મહારાજની માતાનું નામ શું હતું ?

(૧) રમાદેવી **(૨) ભક્તિદેવી** (૩) સુવાસિની **૧૬.** ૨

**૧૭.** ઘનશ્યામે પાટલા પરથી કયો ગ્રંથ ઉપાડ્યો ?

**(૧) ગીતા** (૨) વચનામૃત (૩) રામાયણ **૧૭.** ૧

**૧૮.** ઘનશ્યામે ગૃહત્યાગ કર્યા બાદ કઈ નદીમાં ઝંપલાવ્યું ?

(૧) ઘેલા (૨) ગંગા **(૩) સરયુ** **૧૮.** 3

**૧૯.** ભગવાન કોના દ્વારા પૃથ્વી પર પ્રગટ છે ?

(૧) મંદિર **(૨) સાચા સંત** (૩) તીર્થસ્થાનો **૧૯.** ૨

**૨૦.** (જ્યાં મૂર્તિઓ પધરાવાય છે) મંદિરના અંદરના ભાગને (ગર્ભગૃહને) શું કહે છે ?

(૧) ઘરમંદિર (૨) હરિમંદિર **(૩) નિજમંદિર** **૨૦.** 3

**૨૧.** કોના વગર કશું પણ શક્ય નથી ?

(૧) જાદુગર (૨) ભક્તો **(૩) ભગવાન** **૨૧.** 3

**૨૨.** મુક્તાનંદ સ્વામીના ગુરુ કોણ હતા ?

**(૧) રામાનંદ સ્વામી** (૨) બ્રહ્માનંદ સ્વામી (૩) સહજાનંદ સ્વામી **૨૨.** ૧

**૨૩.** ભુલી પડેલ બકરી ક્યાં બેઠી હતી ?

(૧) ગુફામાં (૨) જંગલમાં **(૩) સિંહના પગલા પર (પંજા પર)** **૨૩.** 3

**૨૪.** મગનીરામ કયા દેશનો હતો ?

**(૧) દ્રાવિડ** (૨) પશ્ચિમ ભારત (૩) નેપાળ **૨૪.** ૧

**૨૫.** કેટલા વર્ષની ઉંમરે ઘનશ્યામે કાશીમાં પંડિતોની સભા જીતી ?

(૧) ૯ **(૨) ૧૦** (૩) ૭ **૨૫.** ૨

**૨૬.** છડી સવારીએ બાળકે મહારાજને શું આપ્યું ?

(૧) ચીકુ (૨) કેળું **(૩) કાકડી** ૨૬. 3

**૨૭.** જયરામદાસને નીલકંઠના દર્શન છેલ્લે ક્યાં થયાં ?

**(૧) લોજ** (૨) માંગરોળ (૩) છપૈયા ૨૭. ૧

**૨૮.** ઘનશ્યામને મારવા જતાં કોણ મરાયો ?

(૧) કાલિય (૨) કૌશિક **(૩) કાલિદત્ત** ૨૮. 3

**૨૯.** જોબન પગી મહારાજની ઘોડી ચોરવા ક્યાં ગયો ?

(૧) જેતલપુર **(૨) વડતાલ** (૩) ડભાણ ૨૯. ૨

**૩૦.** જ્યાં મૂર્તિઓ પધરાવાય છે તેને ગુજરાતીમાં શું કહેવાય ?

(૧) ઘરમંદિર (૨) હરિમંદિર **(૩) નિજમંદિર** ૩૦. 3

**૩૧.** તેજાભાઈ વણકર કયા ગામના હતા ?

(૧) અમદાવાદ **(૨) છાણી** (૩) ગઢડા ૩૧. ૨

**૩૨.** શિક્ષાપત્રી શું છે ?

**(૧) દર્પણ** (૨) ગ્રંથ (અભ્યાસપુસ્તક) (૩) ધાર્મિક નિશાન ૩૨. ૧

**૩૩.** પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા આપણે કેવા બાળક બનવું જોઈએ ?

(૧) ડાહ્યા **(૨) સાચા** (૩) હોંશિયાર ૩૩. ૨

**૩૪.** અમદાવાદમાં કોનું રાજ્ય હતું ? / કોની સત્તા હતી ?

(૧) મોગલ **(૨) પેશવા** (૩) બ્રિટીશ ૩૪. ૨

**૩૫.** ઘનશ્યામના જન્મથી કયું ગામ તીર્થસ્થાન બની ગયું ?

(૧) અયોધ્યા **(૨) છપૈયા** (૩) મથુરા ૩૫ ૨

**૩૬.** કયા બ્રાહ્મણને મહારાજે ફરીવાર સજીવન કર્યો ?

**(૧) પ્રાણવલ્લભ** (૨) સિધ્ધવલ્લભ (૩) અમૃતવલ્લભ ૩૬. ૧

**૩૭.** રામપ્રતાપભાઈએ ઘનશ્યામને ગુજરાતમાં કયા રૂપે જોયા ?

(૧) નારાયણ **(૨) સહજાનંદ** (૩) નીલકંઠ ૩૭. ૨

**૩૮.** ગાદીએ બેસાડવાના ઉત્સવને શું કહે છે ?

(૧) પાટોત્સવ (૨) મહોત્સવ **(૩) પટ્ટાભિષેક** ૩૮. 3

**૩૯.** મહારાજના સાધુ કદીય શેને ના અડે ?

(૧) કપડાં **(૨) પૈસા** (૩) અનાજ ૩૯. ૨

**૪૦.** ઘનશ્યામે કેટલા વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો ?

(૧) ૧૦ **(૨) ૧૧** **(૩) ૧૫** ૪૦. ૨

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો. [૧૦]**

૧. આણંદમાં લોકોએ સવારી દરમિયાન કેવી મુશ્કેલી ઉભી કરી ?

**જ. આણંદમાં જ્યારે મહારાજની સવારી જઈ રહી હતી ત્યારે ત્યાંના લોકોએ છાણ નાંખ્યું, ધૂળ ઉડાડી, કાંકરી, ઢેફાં ને ઈંટાળા નાંખ્યા. ગાળો દેવામાંયે કંઈ બાકી રાખ્યું નહીં.**

૨. મહારાજે યજ્ઞ ચાલુ રાખવા શું સામર્થી વાપરી ?

**જ. મહારાજે ઘીના વાસણ ભરી દીધાં અને એમ પોતાની સામર્થી વાપરી.**

૩. અમદાવાદમાં સાધુઓની મંડળીએ ક્યાં મુકામ કર્યો ?

**જ. અમદાવાદમાં ગામ બહાર દરિયાખાનના ઘુંમટ પાસે ભુતિયા આમલીઓનું ઝાડ હતું ત્યાં સાધુઓની મં ડળીએ મુકામ કર્યો.**

૪. ઘનશ્યામને એકલો જોઈને કાલિદત્તે શું વિચાર્યું ?

**જ. ઘનશ્યામને એકલો જોઈને કાલિદત્ત કહે... 'હં... આજે આ લાગમાં આવ્યો છે ! આજે તો એને પુરો જ કરી નાંખું !'**

૫. મહારાજે શિક્ષાપત્રી ક્યાં લખી ?

**જ. મહારાજે શિક્ષાપત્રી વડતાલમાં લખી.**

૬. કાશીમાં વિદ્વાનોની સભામાં અધ્યક્ષ કોણ હતું ?

**જ. કાશીમાં વિદ્વાનોની સભામાં ધર્મદેવ અધ્યક્ષ હતાં.**

૭. ઘનશ્યામે કેટલા વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો ?

**જ. ઘનશ્યામે ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો.**

૮. કૃષ્ણ તંબોળીએ નિલકંઠને શું ખવડાવ્યું ?

**જ. કૃષ્ણ તંબોળીએ તાજી-કુણી કમળ કાકડીઓ નીલકંઠવર્ણીને ખવડાવી.**

૯. મહારાજે લગ્ન વખતે ક્યા ગીતો ગાવાનું કહ્યું ?

**જ. મહારાજે રાધા-વિવાહ, રુકમણી વિવાહના ગીતો લગ્ન વખતે ગવાતાં કર્યા.**

૧૦. ક્યા મંદિરનાં બાંધકામ વખતે શ્રીજીમહારાજ માથા ઉપર પથરો ઉપાડીને લાવતા ?

**જ. ગઢડા મંદિરના બાંધકામ વખતે શ્રીજીમહારાજ રોજ માથા ઉપર પથરો ઉપાડીને લાવતા.**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. કરોડ કામ બગાડીને .....

**જ. કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધર્યાં ને એક મોક્ષ બગાડ્યો તો તેમાં શું કર્યું ?**

૨. નિરંતર સર્વ ક્રિયામાં .....

**જ. નિરંતર સર્વ ક્રિયામાં પાછું વાળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ? એમ જોયા કરવું.**

૩. આવા સાધુને મનમાં .....

**જ. આવા સાધુને મનમાં સાંભરીએ તો મનનાં પાપ બળી જાય ને વાતો સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય એમ મહિમા જાણવો.**

૪. ગાફ્લાઈ ટાળવાનું કારણ .....

**જ. ગાફ્લાઈ ટાળવાનું કારણ એ છે જે ખટકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કોઈક શિક્ષા કરે ત્યારે ટળે.**

૫. આપણે તો અક્ષરધામમાં .....

**જ. આપણે તો અક્ષરધામમાં જવું છે એવો એક સંકલ્પ રાખવો.**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. નિત્ય નિત્ય નૌતમ ......... કુટુંબ સહિત તરશે.

**જ. નિત્ય નિત્ય નૌતમ લીલા કરતાં અવિનાશી**
**અડસઠ તીરથ ચરણે, કોટિ ગયા કાશી... જય સદ્‌ગુરુ.**
**પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે**
**કાળ કર્મથી છુટી કુટુંબ સહિત તરશે... જય સદ્‌ગુરુ.**

૨. ગુરુરબ્રહ્મા ......... શ્રી ગુરુવે નમઃ

**જ. ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરુઃ સાક્ષાત પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ॥**

૩. માતપિતાને પાયે ......... ચરણે અમને ।

**જ. માતપિતાને પાયે પડશું, સંતજનોને ચરણ નમશું,**
**દેવ મંદિરે દર્શન કરશું, દંડવત્ કરશું, કીર્તન કરશું... અક્ષર**
**અક્ષરને મન ભાવ્યા અમે, પુરુષોત્તમને જાણ્યા અમે,**
**વંદન કરીએ ગુરુજી તમને, સદાય રાખો ચરણે અમને... અક્ષર.**

૪. પાંચડે પાંચ ......... મુકી દે જગનો ઠાઠ.

**જ. પાંચડે પાંચ ભક્તિમાં નાવે આંચ... મારા બંધુ**

**છગડે છચ, શ્રીજીની બોલો જય... મારા બંધુ**

**સાતડે સાત, છે બ્રહ્મ અમારી જાત... મારા બંધુ**

**આઠડે આઠ, મુકી દે જગનો ઠાઠ... મારા બંધુ**

૫. ત્વમેવ માતા ......... મમ દેવદેવ ॥

**જ. ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ**

**ત્વમેવ બન્ધુ શ્ચ સખા ત્વમેવ ।**

**ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ**

**ત્વમેવ સર્વં મમ દેવદેવ ॥**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૧૦]**

**૧.** શિક્ષાપત્રીમાં મહારાજે શું ન કરવાની આજ્ઞા કરી છે ?

**૨.** કાશીની સભામાં ઘનશ્યામની જીત.

**૩.** નીલકંઠે સુકાનું લીલું કેવી રીતે કર્યું ?